પશ્ચિમ રેલ્વેએ રેવન્યુમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો ૩૦૦૦ કરોડના આંકડાને પાર કર્યો

અમદાવાદ, પશ્ચિમ રેલ્વેએ હાલના સંજોગોને કારણે સર્જાયેલ અવરોધોને દૂર કરીને ઘણા વિસ્તારોમાં પ્રભાવશાળી પ્રદર્શન બતાવવાનું ચાલરાખ્યું છે. વર્તમાન નાણાકીય વર્ષમાં કોવિડ મહામારી દરમિયાન શ્રમશક્તિની તીવ્ર અછત હોવા છતાં પશ્ચિમ રેલ્વેએ ૩૧૦૦ કરોડથી વધુની આવક મેળવી છે. પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી આલોક કંસલના ગતિશીલ નેતૃત્વનેકારણે આ સિધ્ધિ શક્ય બની છે, જેમણે હંમેશા અધિકારીઓ અને કર્મચારીઓને ઉચ્ચ લક્ષ્યો હાંસલ કરવા પ્રેરિત કર્યા છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જાહેર કરાયેલ એકપ્રેસ રિલીઝ મુજબ, જરૂરી ચીજવસ્તુઓની સપ્લાય ચાલુ રાખવા માટે દેશભરમાં ગૂડ્સ અને પાર્સલ સ્પેશિયલ ટ્રેનો સતત ચલાવવામાં આવી રહી છે. મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળો સુધી પહોંચવામાં મદદ માટે પેસેન્જર/એક્સપ્રેસસ્પેશિયલ ટ્રેનોની સમયાંતરે ઘોષણા કરવામાં આવી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં, પશ્ચિમ રેલ્વેએ ૩૧૦૧ કરોડની આવક નોંધાવી, જેમાં ફ્રેઈટ આવક રૂ.૨૫૨૭ કરોડ, પેસેંજર આવક રૂ. ૩૭૮ કરોડ; અન્ય કોચિંગ દ્વારા રૂ.૧૦૬કરોડની આવક થઈ હતી અને અન્ય વિવિધ આવક રૂ.૯૭ કરોડ હતી. પાછલા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ પ્રાપ્ત આવક ૬૩ ટકાથી વધુ રહી છે.

શ્રી ઠાકુરે માહિતી આપી કે પશ્ચિમ રેલ્વે દ્વારા દેશના વિવિધ ભાગમાં આવશ્યક ચીજવસ્તુઓના પરિવહન માટે ૦૧ એપ્રિલ, ૨૦૨૧ થી ૦૩ જુલાઈ, ૨૦૨૧ સુધીમાં ૨૦૭ પાર્સલ ટ્રેનો દોડાવવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ગ્રૂઝ ગાડીઓનું લોડિંગ ૨૦.૯૫ મિલિયન ટન નોંધાયું હતું, જે અગાઉના વર્ષા સમાન ગાળામાં ૧૫.૮૦ મિલિયન ટન હતું. તે જ સમયગાળામાં, પશ્ચિમ રેલ્વેએ તેની વિવિધ પાર્સલ વિશેષ ટ્રેનો દ્વારા લગભગ ૭૬ હજાર ટન વજનની ચીજવસ્તુઓનું પરિવહન કર્યું છે, જેમાં કૃષિ ઉત્પાદનો, દવાઓ, તબીબી સાધનો, માછલી, દૂધ વગેરેનો સમાવેશ થાય છે. જેના કારણે પ્રાપ્ત થયેલી આવક લગભગ ૨૫.૭૨ કરોડ હતી.

પશ્ચિમ રેલ્વે દ્વારા ૩૩ હજાર ટનથી વધુ દૂધની પરિવહન સાથે ૪૭ મિલ્ક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી અને વેગનો ૧૦૦% ઉપયોગ કરવામાં આવ્યો. તેવી જ રીતે ૫૭ ઝૌફ્રૈંફ-૧૯ સ્પેશિયલ પાર્સલ ટ્રેનો ચલાવવામાં આવી હતી તથા ૬૦૦૦ ટન આવશ્યક ચીજવસ્તુઓ પરિવહન કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૧૭૩૦૦ ટનના ભાર સાથે ૩૫ ઇન્ડેન્ટેડ રેક્સ પણ૧૦૦% ઉપયોગ સાથે ચલાવવામાં આવ્યા હતા. ખેડૂતોને તેમની ઉત્પાદન અને આર્થિક તથા ઝડપી પરિવહન માટે નવા બજારો મળી શકે તે માટે વિવિધ મંડળોમાંથી આશરે ૧૧૦૦૦ ટન જેટલો ભારણ સાથે ૬૮ કિસાન રેલો પણ આ સમયગાળા દરમિયાન ચલાવવામાં આવી હતી. બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ્સ (બીડીયુ) રેલવે બોર્ડ દ્વારા શરૂ કરાયેલી પ્રોત્સાહક યોજનાઓ સાથે હાલના અને સંભવિત નૂર ગ્રાહકો સાથે તેમના સંપર્કમાં છે કે તેઓ રેલવે દ્વારા તેમના માલના ઝડપી,શ્વિસનીય, આર્થિક અને જથ્થાબંધ પરિવહન માટે પ્રોત્સાહિત કરે.

૦૬ જુલાઈથી ગાંધીધામ - જોધપુર સ્પેશિયલ ટ્રેન સેવા ફરી શરૂ

અમદાવાદ, રેલ્વે પ્રશાસન દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ - જોધપુર સ્પેશિયલ ટ્રેન ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે નચે મુજબ છે: - ૧. ટ્રેન નંબર ૦૨૪૮૪ ગાંધીધામ-જોધપુર સ્પેશિયલ ૦૬ જુલાઇ ૨૦૨૧ થી આગળની સૂચના સુધી દર મંગળવાર, ગુરુવાર અને રવિવારે દોડશે. ૨. ટ્રેન નંબર ૦૨૪૮૩ જોધપુર - ગાંધીધામ સ્પેશિયલ ૦૫ જુલાઇ ૨૦૨૧ થી આગળની સૂચના સુધી આગામી સોમવાર, બુધવાર અને શનિવારે દોડશે.

મુસાફરો ઓપરેટિંગ સમય, સ્ટોપેજ અને સ્પેશિયલ ટ્રેનોની સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે. નોંધનીયછે કે કન્ફર્મ ટિકિટવાળા મુસાફરોને જ આ સ્પેશિયલ ટ્રેનોમાં મુસાફરી કરવાની છૂટ રહેશે. પશ્ચિમ રેલ્વેએ મુસાફરોને બોર્ડિંગ, મુસાફરી અને ગંતવ્ય દરમિયાન COVID-19 થી સંબંધિત તમામ ધોરણો અને એસ.ઓ.પી.નું પાલન કરા વિનંતી કરી છે.

અમદાવાદ - પુણે સ્પેશિયલ ટ્રેન કોલ્હાપુર સુધી વિસ્તૃત

અમદાવાદ, મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ્વે પ્રશાસને ટ્રેન નંબર ૦૧૦૪૯/૦૧૦૫૦ અમદાવાદ-પુણે સ્પેશિયલ ટ્રેન કોલ્હાપુર સુધી વિસ્તૃત કરવાનો નિર્ણયકર્યો છે. અમદાવાદથી પુણે વચ્ચે આ ટ્રેનના સમય અને સ્ટોપેજમાં કોઈ ફેરફાર થયો નથી. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે: -

ટ્રેન નંબર ૦૧૦૪૯ અમદાવાદ-કોલ્હાપુર સ્પેશિયલ ૧૧ જુલાઇ ૨૦૨૧ થી દર રવિવારે ૨૦:૨૦ કલાકે અમદવાદથી ઉપડશે અને બીજા દિવસે ૧૪:૪૦ કલાકે કોલ્હાપુર પહોંચશે. વાપસીમાં ટ્રેન નંબર ૦૧૦૫૦ કોલ્હાપુર-અમદાવાદ સ્પેશિયલ કોલ્હાપુરથી ૧૦ જુલાઈ ૨૦૨૧ થી આગળની સૂચના સુધી દર શનિવારે ૧૩:૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસ૦૭:૩૦ કલાકે અમદાવાદ પહોંચશે. પુણેથી કોલ્હાપુર જતા બંને માર્ગમાં આ ટ્રેન સતારા, સાંગલી, મિરજ, હટકેંજલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને સેકન્ડ સીટીંગના રિઝર્વ કોચ રહેશે,સાફરો ઓપરેટિંગ સમય, સ્ટોપેજ અને સ્પેશિયલ ટ્રેનોની સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે. નોંધનીય છે કે કન્ફર્મ ટિકિટવાળા મુસાફરોને જ આ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરવાની છૂટ રહેશે. પશ્ચિમ રેલ્વેએ મુસાફરોને બોર્ડિંગ, મુસાફરી અને ગંતવ્ય દરમિયાન COVID-19 થી સંબંધિત તમામ ધોરણો અને એસ.ઓ.પી.નું પાલન કરવા વિનંતી કરી છે.

SGVP ગુરુકુલ દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના SSC સંસ્કૃત માધ્યમમાં ઉત્કૃષ્ટ પરિણામ લાવનાર ઋષિકુમારોને અભિનંદન સાથે આશીર્વાદ પાઠવતા શા. માધવપ્રિયદાસજી સ્વામી

અમદાવાદ, SGVP ગુરુકુલ સંચાલિત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના SSCસંસ્કૃત માધ્યમમાં ઉત્કૃષ્ટ પરિણામ લાવનાર અને દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ટોપર્સ રહેનારા ઋષિકુમાર કનોજીયા અક્ષત (97.65PR), મહેતા ધ્રુવ (96.54 PR),મહેતા પૂજન (91.60PR), જોષી વશાલ, પંડ્યા શીવમ્, બારૈયા સત્યમ્ અને સાંકલિયા વિવેકને SGVP ગુરુકુલ અધ્યક્ષ શા.માધવપ્રિયદાસજી સ્વામી, પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, પુરાણી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, યજ્ઞવલભદાસજી સ્વામી, મુનિવત્સલદાસજીસ્વામી, પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજી શ્રી અર્જુનાચાર્યજી તથા શિક્ષકોએ ટોપર્સ રહેનારા ઋષિકુમારોને અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.



સૌરાષ્ટ્ર યુનિ.ની BSC,MSC સહિતની ઓફલાઈન પરીક્ષાઓનું ટાઈમટેબલ કરાયુ જાહેર

રાજકોટ, કોરોના સંક્રમણની બીજી લહેર કાબુમાં આવતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ઓફલાઈન પરીક્ષા લેવાનુ જાહેર કરવામાં આવ્યુ. હાલમાં ૧૫ જુલાઈથી શરૂ થતી પરીક્ષાઓનુ ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યુ છે. જે મુજબ બીએસસીની પરીક્ષા ૧૫ જુલાઈથી ૧૭ જુલાઈ દરમિયાન તેમજ એમએસસીની પરીક્ષા ૧૫ જુલાઈ ૧૮ જુલાઇ દરમિયાન લેવામાં આવનાર છે. વળી, એમ.બી.એ, એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી.(હોમ સાયન્સ), પી.જી.ડી.સી.એ.ની પરીક્ષાઓ પણ ૧૫ જુલાઈથી શરૂ થવા જઈ રહી છે. જેનુ ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યુ છે. તમને જણાવી દઈએ કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષાઓ માટે કોરોના ગાઈડલાઈનનુ ચુસ્તપણે પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. માસ્ક અને સોશિયલ ડિસ્ટર્સીંગનુ પાલન કરીને તેમજ વિદ્યાર્થીઓની સલામતીનુ ધ્યાન રાખીને પરીક્ષા લેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. એક બેંચ પર એક જ વિદ્યાર્થીને બેસાડવામાં આવશે. પરીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીનુ થર્મલ સ્કીનિંગ અને સેનિટાઈઝ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ૮ જુલાઈ અને ૨૨ જુલાઈ એમ બે તબક્કામાં ઓફલાઈન પરીક્ષાઓ યોજવામાની છે જેમાં સ્નાતક, અનુસ્નાતકના રેગ્યુલર અને એક્સટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે. જેમાં અંદાજિત ૨૯,૯૧૪ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. પ્રથમ તબક્કામાં ૩૩ હજાર જ્યારે બીજા તબક્કામાં ૩૩ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.[૧,૨]અને એક્સટર્નલના કુલ ૬૫ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

સોમનાથ-જબલપુર સ્પેશિયલ હવે ભક્તિનગર સ્ટેશન પર રોકાશે

અમદાવાદ, મુસાફરોની સુવિધા અને માંગ માટે રેલતંત્ર દ્વારા તત્કાલ પ્રભાવથી રાજકોટ મંડળના ભક્તિનગર સ્ટેશન પર ૦૧૪૪૩/૦૧૪૪૫ અને ૦૧૪૪૪/૦૧૪૬૬ સોમનાથ-જબલપુર-સોમનાથ સ્પેશિયલ ટ્રેનોને સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડીવીઝનલ રેલ્વે મેનેજર અમદાવાદ શ્રી દિપકકુમાર ઝાના જણાવ્યા મુજબ ભક્તિનગર સ્ટેશન પર પૂરા પાડવામાં આવેલ વધારાના સ્ટોપેજની વિગતો નીચે મુજબ છે.ટ્રેન નંબર ૦૧૪૬૩/૦૧૪૬૫ સોમનાથ-જબલપુર સ્પેશિયલ ભક્તિનગર સ્ટેશન પર બપોરે ૧૩.૩૫ કલાકે પહોંચશે અને જબલપુર માટે ૧૩.૩૬ કલાકે પ્રસ્થાન કરશે. આવી જ રીતે ટ્રેન નંબર ૦૧૪૬૪/૦૧૪૬૬ જબલપુર - સોમનાથ સ્પેશિય ૧૩.૩૦ કલાકે ભક્તિનગર સ્ટેશન પહોંચશે અને સોમનાથ માટે ૧૩.૩૨ કલાકે પ્રસ્થાન કરશે. મુસાફરો ઓપરેટિંગ સમય, સ્ટોપેજ અને સ્પેશિયલ ટ્રેનોની સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે. નોંધનીય છે કે કન્ફર્મ ટિકિટવાળા મુસાફરોને જ આ સ્પેશિયલ ટ્રેનોમાં મુસાફરી કરવાની છૂટ રહેશે. પશ્ચિમ રેલ્વેએ મુસાફરોને બોર્ડિંગ, મુસાફરી અને ગંતવ્ય દરમિયાન COVID-19 થી સંબિત તમામ ધોરણો અને એસ.ઓ.પી.નું પાલન કરવા વિનંતી કરી છે.

SHRIRAM City
MONEY WHEN YOU NEED IT MOST
શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ
રજીસ્ટર્ડ ઓફિસ: ઓફિસ નં.૧૧૩, અન્નપ્રાર્પણ સ્ટુડિ, સેક્ટર-૧૦૦૦૧
જ્ઞાન ઓફિસ: પ્રાઈમ પ્લાઝા, ૨ જો માળ, રાયસણ ટોલ્સ, મણિનગર કોલ સેટ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. વેબસાઈટ :www.shriramcity.in
ભૌતિક કબ્જા નોટીસ
આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ(એસસીયુએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝીશન એન રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.દેવાદારો રકમની ચુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)ની પેટા કલમ ૮ મુજબ ૦૩જી જુલાઈ, ૨૦૨૧ના રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલકતનો ભૌતિક કબ્જો મેળવી લીધો છે.
કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહશે.

કરજદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ	મિલકતનું વર્ણન
૧. જય અંબે ચવાણા ભંડાર (કરજદાર) (પ્રો. ભંવરસિંધ હમીરસિંધ ચૌહાણ) સરનામું : ૩૦-૩૧, રાજમંદિર કોમ્પ્લેક્ષ એટ. બારેજા, બારેજા તા. દસક્રોઈ ૨. ભંવરસિંધ હમીરસિંધ ચૌહાણ ૩. પ્રેમકુંવર (સહ- કરજદાર/ જામીનદાર) સરનામું : ૧. ૨ થી ૩ ૨/લક્ષ્મી નગર સોસાયટી, એન.એચ. ૮ રોડ, ચાર રસ્તા પાસે, એટ બારેજા જી. અમદાવાદ.	રૂ. ૯૭,૮૯,૫૮૪/- (રૂપિયા સત્તાણું લાખ નેવ્યાસી હજાર પાંચસો ચોયાંસી પુરા) જે તા. ૨૩/૦૧/૨૦૧૮ સુધી ગ્રાહક આઈડી **J0435220** અંતર્ગત કરાર નં. **CDAHITFI6100500 01** હેઠળ થયેલ લોન કરારની શરતો અને શરત તરીકે વધુ વ્યાજ અને ચાર્જ સાથે ઉપરોકત જણાવેલ નોટીસ પ્રસિધ્ધ અને પ્રાપ્ત થયાના ૦૦ દિવસની અંદર ચુકવવાનું હતું. નોટિસની તારીખ ૧૭.૦૪. ૨૦૨૧	તમામ ભાગ અને હિસ્સો સ્થાવર મિલકતમાં ૧) શોપ નં. ૧, ગ્રાઉન્ડ ફલોર, જેની શેત્રફળ ૩૨૫ સ્કેવર ફીટ દા.ત. ૩૦-૨૦ સ્કેવર મીટર્સ અલગથી અનડિવાઈડેડ શેર લેન્ડ જેનું માપ ૪૯-૩૫ સ્કેવર મી. છે. ૨: શોપ નં. ૧ ગ્રાઉન્ડ ફલોર નો માપ એરિયા ૩૦૭ સ્કેવર ફીટ, દા.ત. ૨૮-૫૩ સ્કેવર મી. સાથે અલગથી અનડિવાઈડેડ શેર લેન્ડ જેનું માપ ૪૩-૭૮ સ્કેવર મી. છે. આ સ્કીમ 'દેવ આઈ પ્લાઝા' તરીકે ઓળખાય જે લેન્ડ સબ-પ્લોટ નં. ૨ માપ ૧૧૯૯-૫૮ સ્કેવર મી. ઓફ બ્લોક નં. ૩૦૪ પૈકી ૧ ઓફ પૈકી મોજે સોખડા તાલુકા માતર ડિસ્ટ્રીટ ખેડા અને રજીસ્ટ્રેશન સબ- ડિસ્ટ્રીકટ માતર ગુજરાત રાજયમાં સ્થિત છે.
૧. મોહિનીબેન ચેલારામ વસવાણી (કરજદાર) ૨. દીપા વિનોદ વસવાણી (સહ- કરજદાર/જામીનદાર) ૩. વિનોદકુમાર ચેલારામ વસવાણી (સહ- કરજદાર/જામીનદાર) સરનામું : ડી-૯, સંતોષા ગ્રીન લેન્ડ, સી/ઓ સત્યમ ગોકુળ કોર્પોરેશન , સરદાર પટેલ રીંગ રોડ,રકનપુર, કલોલ, ગાંધીનગર ૪. વિનોદકુમાર ચેલારામ (સહ-કરજદાર/જામીનદાર) (પ્રો. મોહિનીબેન ચેલારામ વસવાણી) શોપ નં. ૧૧૪, જુમલી બઝાર, સિન્ધી માર્કેટ, કાલુપુર, અમદાવાદ.	રૂ. ૬૪,૦૧,૫૪૪/ (રૂપિયા ચૌસઠ લાખ એક હજાર પાંચસો ચૌવ્વીસ પુરા) જે તા. ૧૫/૦૪/૨૦૨૧ સુધી ગ્રાહક આઈડી **M0724792** અંતર્ગત કરાર નં. **CDAHMTIF140020 001** હેઠળ થયેલ લોન કરારની શરતો અને શરત તરીકે વધુ વ્યાજ અને ચાર્જ સાથે ઉપરોકત જણાવેલ નોટીસ પ્રસિધ્ધ અને પ્રાપ્ત થયાના ૦૦ દિવસની અંદર ચુકવવાનું હતું. નોટિસની તારીખ ૧૭.૦૪. ૨૦૨૧	તમામ ભાગ અને હિસ્સો સ્થાવર ફિકોલેર મિલકતમાં પ્લોટ નં. ૧૮૧ અને ૧૮૨ સેકટર-૧ માં પ્લોટ માપ એરિયા ૮૪૪.૪૪ સ્કેવર મી. દા.ત. ૧૦૧૦ સ્કેવર યાર્ડ ઓફ દરેક પ્લોટ મિલવીની અન ડિવાઈડેડ શેર ઓફ લેન્ડ એટ અને રવિ (હાસોલ)માં નોન ટ્રેડિંગ કોર્પોરેશન 'પુષ્પરાજ વિલેઝ' તરીકે ઓળખાય જે નોન એગ્રીકલ્ચર લેન્ડ બ્લોક નં. ૪૧૬,૪૧૭/૧, ૪૧૭/૨, ૪૧૯/૨ અને ૪૨૦ વગેરે ઓફ મીજે કુન્સલ તાલુકો - સાણંદ ડિસ્ટ્રીકટ ઓફ અમદાવાદ અને રજીસ્ટ્રેશન સબ- ડિસ્ટ્રીકટ સાણંદ, ગુજરાત રાજયમાં સ્થિત છે

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે.
સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૩-૦૬-૨૦૨૧
સહી/ અધિકૃત અધિકારી
શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લી.

હિંમતનગરના સામાજિક કાર્યકર સહિત ૪ લોકો સાથે ૭૬,૩૬૦ની ઠગાઈ કરનારો ઝબ્બે



હિંમતનગર, હિંમતનગરમાં રેલ્વે, સચિવાલય, નેવીમાં નોકરી અપાવવાની લાલચે અનેક યુવાનોને મીનીસ્ટ્રી ઓફ હોમ અફેંસના આર્મીના નિવૃત્ત ઉચ્ચ અધિકારીની ઓળખવાળા આઈકાર્ડ બતાવી નોકરીની લાલચ આપી લાખો રૂપિયાનો ચુનો ચોડી ફરાર થઈ જનાર શખ્સને સાબરકાંઠા એલસીબીએ હિંમતનગરમાંથી ઝડપી લઈ ઠગાઈ પ્રકરણનો પદાફાર્શ કરી નાખ્યો હતો. સરકારી વિભાગોમાં નોકરીની લાલચે લાખો રૂપિયા ખંખેરી અમદાવાદનો શખ્સ છુમંતર થઈ જતા હિંમતનગરના સામાજક કાર્યકર સહિત અન્ય ઇસમોએ શહેરના બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ઠગાઈનો ગુનો નોંધાવ્યો હતો. આ મામલે સાબરકાંઠાના એસ.પી. નિરજકુમાર બડગુજરે એલસીબીને તપાસ સોંપતા એલસીબીના પી.આઈ. એમ.ડી. ચંપાવતે ટીમો બનાવી આ ટીમને ભેજાબાજ ઠગને જબ્બે કરવા કાર્યરત કરી હતી.

એલસીબીએ શુકવારે બાતમી આધારે હિંમતનગરના ગીરધરનગર ઓવરબ્રીજ પાસેથી મલય ઉર્ફે ચિરાગ ભાલચંદ્ર ચોકસીને અટક કરી પુછતાછ કરી હતી. પોલીસે મલયની અંગઝડતી દરમિયાન બેમોબાઈલ તેમજ મીનીસ્ટ્રી ઓફ હોમ અફેંસ ગર્વમેન્ટ ઓફ ઇન્ડીયાના બનાવટી ઓફિસ આઈડેન્ટીટી કાર્ડ જપ્ત કર્યા હતા. મલય ઉર્ફે ચિરાગ ચોકસી જુદી જુદી જગ્યાએ ભાડે મકાન રાખી બે રોજગાર યુવકોના સંપર્કમાં આવી યુવકોનેમીનીસ્ટ્રી ઓફ હોમ અફેંસ ગર્વમેન્ટ ઓફ ઇન્ડીયા જેવા ઉચ્ચ હોદ્દાના બનાવટી ઓફિસ આઈડેન્ટીટી કાર્ડ બતાવી સરકારી વિભાગોમાં નોકરી અપાવવાની લાલચ આપી યુવાનો પાસેથી રૂપિયા ખંખેરી લેતો હતો. ઝડપાયેલા શખ્સ વિરૂધ્ધ વર્ષ ૨૦૨૧માં અમદાવાદના ગોમતી પુર તેમજ હિંમતનગરના બી ડિવીઝનમાં ઠગાઈના ગુના નોંધાયા હતા. આમ આ મહા ઠગે હિંમતનગર તેમજ અમદાવાદમાં અનેક લોકોને નોકરીની લાલચ આપી લાખો રૂપિયા ખંખેર્યાનું પોલીસ સમક્ષ કબુલ્યું એલસીબીના સુત્રોએ જણાવ્યુ હતુ. મલય ઉર્ફે ચિરાગ ભાલચંદ્ર ચોકસી મૂળ અમદાવાદના મેમનગર ખાતે આવેલા મારૂતિ રો-હાઉસ ખાતે વસવાટ કરે છે. પરંતુ હાલમાં હિંમતનગરના મહેતાપુરા નાગરિક બેંક પાસે રહેતો હતો.

ભિલોડા તાલુકાના ગલીસીમરો ગામે મહીલા સહિત ૧૦ શખ્સોનો હુમલો

ભિલોડા, ભિલોડા તાલુકાના ગલીસીમરો ગામે ખેત મજૂરી કરી જીવનનિર્વાહ ચલાવતા પરીવાર પર ગામની એક મહિલા અને અન્ય ૯ શખ્સોએ હુમલ કરી દંડાબો વડે તૂટી પડતા હુમલાખોરોથી ગભરાઈ ઉઠેલો પરીવાર જીવ બચવા ઘર-બાર છોડી ખેતમાં દોડી જતા ટોળાએ શ્રમીક પરિવારના મકાનમાં અને ઘર આગળ પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ કરી હતી. હુમલાનો ભોગ બનેલ પરિવારે શામળાજી પોલીસને જાણ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી ગલીસીમરો ગામની કોકીલાબેન ઈવરભાઈ ડામોર નામની મહિલા ૯ શખ્સો સાથે મળી ગામમાં રહેતા અનીલભાઈ નવજીભાઈ ખરાડીના ઘરે પહોંચી તાત્રો ભાઈ મહેશ મને કેમ ફોન કરે છે. મહેશને મને સોંપી દેવાની માગ કરી ઉશ્કેરાઈ જઈ લાકડી દંડા વડે હુમલો કરતા અનિલભાઈ અને તેમના પરિવારજનો મકાન છોડી ખેતરમાં દોડી ગયા હતા. ટોળાએ અનિલભાઈ અને તેમના પરિવારના મકાનોમાં તોડફોડ કરી ઘર આગળ પાર્ક કરેલ સીએનજી રીક્ષા અને બે બાઈકો પર તૂટી પડ્યા હતા.

બીઝ ટ્રીઝ નેટવર્કર્સ દ્વારા બિઝનેસ નેટવર્કિંગમાં માહિર ૧૮ યોદ્ધાઓને કરવામાં આવ્યું સમ્માનિત

અમદાવાદ, એપીકેલ હ્રક્રેવેટ્સ, અમદાવાદ :છેલ્લા ૨ વર્ષ દરમિયાન, જ્યારે આખી દુનિયા કોવિડ રોગચાળાના વિપરીત પ્રભાવો સામે લડતી હતી અને વ્યવસાય અને સમાજનું મનોબળ એકદમ નીચું હતું, ત્યારે દરેકને મદદ કરવી જરૂરી બની હતી.વા સંજોગોમાં વ્યવસાય ને પુનર્જીવિત કરવું તે શકય બનાવવા માટે એક બીજાના સહયોગ અને નેટવર્કિંગ કરવાનું બહુ મહત્વપૂર્ણ હતું. એટલે જ સ્મોલ અને મિડ કેપ બિઝનેસ ઉદ્યોગસાહસિકો અને ખાસ કરીને મહિલા ઉદ્યમીઓને ટો આપવા માટે સુશ્રી રિદ્ધિ રાવલે "બીઝ- ટ્રીઝ" નામનું એક મજબૂત નેટવર્કિંગ મંચની પરિકલ્પના કરી હતી. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ શરૂ થયેલ આ બિઝનેસ નેટવર્કિંગની શ્રેરમ નું મુખ્ય ટેગલાઈન છે નેટવર્કિંગ ઈમ્પેરેરીશીગ.

બિઝ ટ્રીઝ બિઝનેસ નેટવર્કિંગ ગ્રૂપના સ્થાપક અને સ્વપ્નદ્રષ્ટા સુશ્રી રિદ્ધિ રાવલે જણાવ્યું કે, અમારો મુખ્ય વિચાર એ હતો કે આપણે આપણા પોતાના વર્તુળમાં જ વ્યવસાય કરી શકીશું અને તેપણ કોઈ આંતરિક સ્પર્ધા વિના. એટલે જ આટલા મુશ્કેલ ૬ મહિનામાં અનિશ્ચિત સમયમાં પણ અમારા દ્વારા ૩ ચેપ્ટર્સ આરંભ, આસમાન અને અનંત નું પરિકલ્પના કરવામાં આવ્યું અને આજે આપણે લગભગ ૧૯૫ સમર્પિત અને ઉત્સાહી સભ્યોં કુટુંબ છીએ જે નેટવર્ક માટે તત્પર અને તૈયાર છે, આ બિઝનેસ કોમ્યુનિટીમાં અમે એકબીજાને વિકસાવવામાં મદદ કરીયે છે, સમુદાયની સેવા કરીયે છે અને અર્થતંત્રને જીવંત બનાવવા માટે વ્યવસાય ઉત્પન્ન કરવાનું સતત ખ્યાસ કરીયે છીએ. (૧૯-૮)

જામનગર સહકારી બેંકના હોદેદારોની ચૂંટણીમાં કેસરિયો લહેરાયો

જામનગર,
જામનગર જિલ્લા સહકારી બેંકના હોદેદારોની ચૂંટણીમાં આજે કોંગ્રેસ પ્રેરિત જૂથ પાસેથી સત્તા આંચકી લેવામાં ભાજપ પ્રેરિત સફળ થયું છે. જામનગર સહકારી બેંકના ચેરમેન તરીકે ભાજપના અગ્રણી પી.એસ.જોજો ભિનદરીફ ચૂંટાઇ આવ્યા છે.જામનગર જિલ્લા સહકારી બેંકના ડાયરેકટરો માટે અગાઉ મતદાન પૂર્ણ થયા બાદ ડાયરેકટરો વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ હોદેદારોની ચૂંટણી થઈ હતી. પરંતુ આજે જામનગર શહેરમાં મહેસુલ સેવા સદન ખાતે જામનગર જિલ્લા સહકારી બેંકના ચેરમેન સહિતના હોદેદારોની ચૂંટણી યોજવામાં આવી હતી. જામનગર શહેર પ્રાંત અધિકારી આસ્થા ડાંગરના અધ્યક્ષ સ્થાને ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.જોકે જામનગર જિલ્લા સહકારી બેંકમાં કુલ ૧૨ ડાયરેકટર ભાજપ પ્રેરિત જૂથના હોય જેથી ચૂંટણીની પ્રક્રિયા બિનહરીફ જાહેર કરવામાં આવી હતી.

સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ
CIN:L51909GJ2000PLC037329
રજિસ્ટર્ડ ઓફિસઃ ૫૦૮, ઇલ્કોન એલિયન્સ, જૈન મંદિર પાસે, પ્રહલાદનગર પિઇ અપ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ - ૩૮૦૦૫૧
ટેલીફોન નંઃ